પત્રક્રમાંક/જિરગઅ/રા.ખેમકું/૩૬૫૩ થી ૩૭૧૫/૨૦૧૮
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી
ક્રિષ્ણા હોસ્પીટલ કંપાઉન્ડ હિંમતનગર
તા.૨૦/૧૦/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા રમત ગમત અધિકારી શ્રી
ગુજરાત રાજ્ય તમામ.

**વિષય : ખેલ મહાકુંભ – ૨૦૧૮ અંતર્ગત યોજાનાર રાજય કક્ષા ફુટબોલ તમામ વય ગ્રુપ બહેનો સ્પર્ધા કાર્યક્રમ બાબત**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જાણાવવાનું કે ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા પ્રેરીત અને જિલ્લા વહીવટી તંત્ર સાબરકાંઠા અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી સાબરકાંઠા દ્વારા આયોજીત **ખેલ મહાકુંભ – ૨૦૧૮ અંતર્ગત યોજાનાર રાજય કક્ષા ફુટબોલ તમામ વય ગ્રુપ બહેનો સ્પર્ધાનો વિગતે કાર્યક્રમ નીચે મુજબ છે . જે પ્રમાણે આપણા જિલ્લાની વયગ્રુપ મુજબ બહેનોની UID નંબર સાથેની એન્ટ્રી અત્રેની કચેરીના ઇ મેઇલ <u>dsosabarkantha34@gmail.com</u> પર તા. ૨૮-૧૦-૨૦૧૮ સાંજ સુધીમાં મોક્લી આપી ટીમોને વિગતે કાર્યક્રમની જાણ કરવા વિનંતી.**

## <u>કાર્યક્રમ સૂચી</u>

| | |
|---|---|
| સ્પર્ધા તારીખ | તા. ૩૧-૧૦-૨૦૧૮ થી તા. ૦૫-૧૧-૨૦૧૮ અને ૨૦-૧૧-૨૦૧૮ થી ૦૧-૧૨-૨૦૧૮ |
| સ્પર્ધા સ્થળ | ૧- રમત સંકુલ, ભોલેશ્વર હિંમતનગર જી. સાબરકાંઠા |
| | ૨- સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, સવગઢ, હિંમતનગર |
| | ૩- કેન્દ્રીય વિધાલય મહેતાપુરા, હિંમતનગર |
| રીપોર્ટીગ સ્થળ | રમત સંકુલ, ભોલેશ્વર હિંમતનગર જી. સાબરકાંઠા |
| નિવાસ માટે સંપર્ક | શ્રી હેમેન્દ્રસિંહ રાઠોડ – ૯૪૨૭૯૧૦૪૯૮ |
| | શ્રી કીર્તિસિંહ વાઘેલા – ૯૪૨૮૬૪૨૧૧ |
| | શ્રી નટુભાઇ સડાત – ૯૮૭૯૪૪૩૯૭૪ |
| સ્પર્ધા અને રીપોર્ટીગ માટે સંપર્ક | શ્રીમતિ આશાબહેન પટેલ (પ્રાંત યુવા વિકાસ અધિકારી સા.કાંઠા) - ૯૭૩૭૧૭૧૧૪૪ |
| | શ્રી એસ.એમ.પટેલ – ૯૯૯૮૮૮૦૪૯૪ |
| | શ્રીમતિ બિજલબેન પટેલ – (પ્રાંત યુવા વિકાસ અધિકારી સા.કાંઠા) ૯૪૨૯૧૭૮૫૪૬ |

| ક્રમ | વય ગ્રુપ (બહેનો) | રીપોર્ટીંગ તારીખ / સમય | રીપોર્ટીંગ સ્થળ | સ્પર્ધા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ઓપન (સિનિયર ) બહેનો સિલેકશન ટીમ | ૩૧-૧૦-૨૦૧૮ સાંજે ૫ .00 કલાક પછી | રમત સંકુલ, ભોલેશ્વર હિંમતનગર જી. સાબરકાંઠા | ૦૧-૧૧-૨૦૧૮ થી ૦૫-૧૧-૨૦૧૮ |
| ૨ | અં-૧૪ બહેનો વિજેતા ટીમ (ફક્ત એક જ શાળાની ટીમ ) | ૨૦-૧૧-૨૦૧૮ સાંજે ૫ .00 કલાક પછી | રમત સંકુલ, ભોલેશ્વર હિંમતનગર જી. સાબરકાંઠા | ૨૧-૧૧-૨૦૧૮ અને ૨૬-૧૧-૨૦૧૮ |
| ૩ | અં-૧૪ બહેનો સિલેકશન ટીમ | ૨૨-૧૧-૨૦૧૮ સાંજે ૫ .00 કલાક પછી | રમત સંકુલ, ભોલેશ્વર હિંમતનગર જી. સાબરકાંઠા | ૨૩-૧૧-૨૦૧૮ થી ૨૬-૧૧-૨૦૧૮ |
| ૪ | અં-૧૭ બહેનો વિજેતા ટીમ (ફક્ત એક જ શાળાની ટીમ ) | ૨૪-૧૧-૨૦૧૮ સાંજે ૫.00 કલાક પછી | રમત સંકુલ, ભોલેશ્વર હિંમતનગર જી. સાબરકાંઠા | ૨૫-૧૧-૨૦૧૮ થી ૩૦-૧૧-૨૦૧૮ |
| ૫ | અં-૧૭ બહેનો સિલેકશન ટીમ | ૨૬-૧૧-૨૦૧૮ સાંજે ૫ .00 કલાક પછી | રમત સંકુલ, ભોલેશ્વર હિંમતનગર જી. સાબરકાંઠા | ૨૭-૧૧-૨૦૧૮ થી ૦૧-૧૨-૨૦૧૮ |

<u>સ્પર્ધા અંગે જરૂરી સૂચના</u> :-

**(૧)** રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા આવનાર ખેલાડીઓએ અં-૧૪ અને અં-૧૭ SGFI એલીજીબીટી સર્ટીફીકેટમાં ડી.એસ.ઓની કાઉન્ટર સહી સાથે ખેલ મહાકુંભના KMK UID No અને બાકીના તમામ વય જુથમાં ખેલ મહાકુંભના KMK UID No. તથા ફોટા સાથેના એલીજીબીટી સર્ટીફીકેટમાં ડી.એસ.ઓની કાઉન્ટર સહી સાથે લાવવાનું રહેશે. **(૨)** દરેક ટીમ ને કન્સેશન દરે મુસાફરી કરવાની સૂચના આપવા વિનંતી **(૩)** નિવાસ અને સ્પર્ધા સ્થળે ઉપલબ્ધ મહતમ સગવડોનો ઉપયોગ કરવામાં આવશે. નિવાસ સ્થળે કોઈ પણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો પ્રવાસ ખર્ચ ચુકવવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. **(૪) પ્રવાસ ખર્ચ ટુંકા માં ટુંકા અંતરનું ભાગ પાડ્યા સિવાયનું સીધા રૂટનું અને સાદી/એક્સપ્રેસ/રેલ્વે બીજા વર્ગનું ( રીઝર્વેશન ચાર્જ વગરનું) ભાડું ટીકીટ રજુ કરવાથી ચૂકવવામાં આવશે. જેની જાણ કરશોં, (૫)** સ્પર્ધામાં હારેલી ટીમે ૧ (એક) કલાકમાં નિવાસ સ્થળ ખાલી કરી તુરંત સ્પર્ધા સ્થળેથી પરત જવાનું રહેશે જેની જાણ ટીમ મેનેજરશ્રીને કરવા વિનંતી છે. (૬) **ટીમના તમામ ખેલાડીઓએ આધારકાર્ડ તથા જન્મ તારીખના પુરાવા સાથે લાવવાના રહેશે.** (૭) સ્પર્ધા/નિવાસ સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે ગેર શિસ્ત આચરનાર ટીમ કે ખેલાડીને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે. (૮) બહેનોના કાર્યક્રમ અનુસાર રીપોટીંગ કરવાનું રહેશે. કોઇ ટીમ કે ખેલાડી દર્શાવેલ સમય, તારીખ પહેલાં આવશે તો તેઓની નિવાસ/ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે નહી. (૯) બહેનોની ટીમ- સાથે કોચ કમ મેનેજર( **મહિલા મેનેજર જ**) એક જ વ્યક્તિએ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી/સિક્કા સાથેના ઓર્ડર સાથે આવવાનું રહેશે.

નોંધ :- ઇ મેઇલ ઉપરથી કોપી ડાઉન લોડ કરી ટીમ મેનેજરશ્રીને આપવાની રહેશે. આપશ્રીને ઇ મેઇલ કરેલ છે અને પોસ્ટ પણ કરવામાં આવેલ છે. પોસ્ટની કોપીની રાહ જોવી નહી.

ખાસ નોંધ :- જે ટીમનું રીપોર્ટીંગ જે દિવસ માટે જણાવેલ હોય તે દિવસે જ આવવાનું રહેશે .જે ટીમ અગાઉથી આવશે તેમની કોઈ વ્યવસ્થા કરવામાં આવશે નહિ. વિજેતા થનારા ટીમે ફરજિયાત રોકાવાનું રહેશે તો એ પ્રમાણે ની વ્યવસ્થા કરીને નીકળવું આયોજક દ્વારા ફેરફાર ને અવકાશ રહેશે જે સર્વેને બંધનકર્તા રહેશે.

**ખાસ નોંધ :- ટી .એ બીલ ચેક / RTGS થી ચુકવવામાં આવશે.આથી ટીમ મેનેજરશ્રી એ આવવા જવાના પ્રવાસ ખર્ચ સાથે લઇ આવવાનો રહેશે. ટીમ મેનેજરશ્રી એ કેન્સલ ચેક અથવા પાસ બુક ની ઝેરોક્ષ સાથે લાવવાની રહશે .**

આપનો વિશ્વાસુ.

(ર્ડા અશોક રાવલ)
જિલ્લા રમત ગમત અધિકારી
સાબરકાંઠા, હિંમતનગર

સવિનય નકલ રવાના જાણ સારૂ:

૧) સચિવશ્રી, રમત ગમત યુવા, સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર
૨) ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ,ગાંધીનગર
૩) કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર
૪) સચિવ શ્રી સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ,ગાંધીનગર
૫) કલેકટરશ્રી, સાબરકાંઠા, હિંમતનગર
૬) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા, હિંમતનગર
૭) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સાબરકાંઠા, હિંમતનગર
૮) સિવિલ સર્જનશ્રી, સિવિલ હોસ્પીટલ, હિંમતનગર જરૂરી મેદાન સ્થળ પર મેડીકલ વ્યવસ્થા સારૂ.
૯) મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, સાબરકાંઠા, હિંમતનગર જરૂરી નિવાસ વ્યવસ્થા સારૂ.
૧૦) નાયબ નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણ, સાબરકાંઠા, હિંમતનગર જરૂરી નિવાસ વ્યવસ્થા સારૂ.
૧૧) સહાયક માહિતી નિયામકશ્રી. હિંમતનગર વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ અર્થે
૧૨) ટીમ લીડર ખેલ મહાકુંભ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ,ગાંધીનગર
૧૩) સીનીયર કોચશ્રી તમામ, ગુજરાત રાજ્ય.
૧૪) સીનીયર કોચશ્રી, સાબરકાંઠા, હિંમતનગર નિવાસ અને મેદાનની વ્યવસ્થા સારૂ.
૧૫) સેક્રેટરીશ્રી, ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસીએશન, ગુજરાત રાજય